રાજ્ય સરકારના અનામતના હેતુ માટે ઉન્નતવર્ગમાંથી બાકાત (Non creamy layer) હોવા અંગેના પ્રમાણપત્રની અવધિ કામચલાઉ ધોરણે લંબાવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૨/૦૬/૨૦૨૦

**વંચાણમાં લીધાં :**

(૧) ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૧/૧૧/૧૯૯૫ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૧૯૪/ખ.૧૦૯/અ

(૨) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૧૦૯/૧૬૬૩/અ

(૩) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧/૩/૨૦૧૪ ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૩/૩૯૯૮૯૮/અ

(૪) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ

(૫) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૪/૧૦/૨૦૧૭ ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨/૨૦૧૭/૫૪૪૩૪૧/અ

**પ્રસ્તાવના :-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રાજ્ય સરકાર હેઠળની નોકરીઓમાં નિમણૂકના તબક્કે તથા ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશના તબક્કે ૨૭% બેઠકો અનામત રાખવા રાજ્ય સરકારશ્રીની જોગવાઇ છે. આ અનામત નીતિનો લાભ લેવા માટે ઉમેદવારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નતવર્ગમાંથી બાકાત (Non creamy layer) હોવાનું પ્રમાણપત્ર પણ રજૂ કરવાનું રહે છે. જાતિ પ્રમાણપત્ર એ કાયમી દસ્તાવેજ છે. તેમાં ફેરફારની શક્યતા નથી. પરંતુ બિન ઉન્નતવર્ગના (Non creamy layer) પ્રમાણપત્રના હેતુ માટે મુખ્યત્વે કુલ છ માપદંડો છે, જે ફેરફારને આધિન છે. આમ, બિન ઉન્નતવર્ગનું (Non creamy layer) પ્રમાણપત્ર મુદ્દતબંધી પ્રમાણપત્ર છે. અગાઉ આ પ્રમાણપત્રની અવધિ એક નાણાંકીય વર્ષ હતી જેમાં વંચાણ (૪) ઉપરના તા.૨૬/૪/૨૦૧૬ના ઠરાવથી ફેરફાર કરીને બિન ઉન્નતવર્ગના (Non creamy layer) પ્રમાણપત્રની અવધિ (Validity) આવું પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવ્યું હોય તે સહિત ત્રણ નાણાંકીય વર્ષ સુધીની કરવા તથા તેનો અમલ તા.૧/૪/૨૦૧૬થી કરવા ઠરાવવામાં આવેલ છે. ઉપરાંત વંચાણ (૫) પરના ઠરાવથી ઉન્નતવર્ગમાંથી બાકાત હોવા અંગેના પ્રમાણપત્ર એટલે કે બિન ઉન્નતવર્ગના (Non creamy layer) પ્રમાણપત્રની આવકમર્યાદા રૂ.૮.૦૦ સુધીની નિર્ધારીત કરવામાં આવેલ છે.

હાલમાં કોવિડ-૧૯ (કોરોના વાયરસ) ની વિશ્વવ્યાપી મહામારીની અવદશામાંથી ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશ પસાર થઇ રહ્યો છે ત્યારે આ મહામારીમાંથી સુરક્ષિત રહી શકાય તે માટે રાજ્ય સરકારશ્રીએ સામાજિક અંતર જાળવવા, એક સામટી ભીડ ન થાય તે જોવા જાહેર અનુરોધ કરેલ છે. જેને લક્ષમાં લઇ આગામી સમયમાં ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ના પરિણામોને અનુલક્ષીને બિન ઉન્નતવર્ગના (Non creamy layer) પ્રમાણપત્ર મેળવવા માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારો/વિદ્યાર્થીઓ/વાલીઓ/ઉમેદવારો દ્વારા એકી સાથે મોટો ધસારો થવા સંભવ છે. તે નિવારવા માટે સુયોગ્ય ઉપાયો કરવાની બાબત રાજ્ય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ માટે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## ઠરાવ :-

(૧) જે ઉમેદવારોએ તા.૧/૪/૨૦૧૬ થી તા.૩૧/૩/૨૦૧૭ સુધીના સમયગાળામાં ગમે ત્યારે બિન ઉન્નતવર્ગનું (Non creamy layer) પ્રમાણપત્ર મેળવેલ હોય અને તેની ત્રણ વર્ષની અવધિ તા.૩૧/૩/૨૦૧૯ના રોજ પૂર્ણ થયેલ હોય અને ત્યારબાદ જો ઉમેદવારએ નવેસરથી બિન ઉન્નતવર્ગનું (Non creamy layer) પ્રમાણપત્ર મેળવેલ ન હોય તો તેવા ઉમેદવારોએ આ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ પુરતું નવેસરથી પ્રમાણપત્ર મેળવવાની આવશ્યકતા નથી. આ રીતે તા.૩૧/૩/૨૦૧૯ના રોજ પૂર્ણ થયેલ બિન ઉન્નતવર્ગના (Non creamy layer) આ પ્રમાણપત્રોની અવધિ તા.૩૧/૩/૨૦૨૧ સુધી લંબાવવા ઠરાવવામાં આવે છે.

(૨) તદઉપરાંત જે ઉમેદવારોએ તા.૧/૪/૧૭ થી તા.૩૧/૩/૨૦૧૮ સુધીમાં ગમે ત્યારે બિન ઉન્નતવર્ગના (Non creamy layer) પ્રમાણપત્ર મેળવેલ હોય અને તેની અવધિ તા.૩૧/૩/૨૦૨૦ના રોજ પૂર્ણ થયેલ છે. તે પ્રમાણપત્રો માટેની અવધિમાં પણ વધારો કરી આ અવધિ તા.૩૧/૩/૨૦૨૧ સુધી લંબાવવા ઠરાવવામાં આવે છે.

(૩) પરંતુ ઉપર અનુક્રમ નં. ૧ અને ૨ માં જણાવ્યા મુજબ બિન ઉન્નતવર્ગના (Non creamy layer) પ્રમાણપત્ર અવધિ (સમયમર્યાદા)નો લાભ લેતાં અગાઉ ઉમેદવારે સંબંધિત ભરતી સંસ્થા અથવા સબંધિત અભ્યાસક્રમો માટેની પ્રવેશ કમીટી સમક્ષ તેના બિન ઉન્નતવર્ગના દરજ્જા (Non creamy layer status)માં કોઇ ફેરફાર થયેલ નથી અને તેઓ રાજ્યસરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલા પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તે અંગેનું આ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમૂનામાં બાંહેધરીપત્રક આપવાનું રહેશે.

(૪) બિન ઉન્નતવર્ગના (Non creamy layer) પ્રમાણપત્રની અવધિ તા.૩૧/૩/૨૦૨૧ સુધી લંબાવવાનો મુળ હેતુ આવા પ્રમાણપત્રો મેળવવા માટે એકી સાથે થતા ધસારાના પરિણામે કોવીડ-૧૯ (Covid-19) વાયરસનું સંભવિત સંક્રમણ નિવારી શકાય તે છે. જેથી, બિન ઉન્નતવર્ગના (Non creamy layer) પ્રમાણપત્રના હેતુ માટે વંચાણ (૧) થી નિર્ધારીત કરેલ વિવિધ માપદંડો જેવા કે સંવૈધાનિક હોદ્દા, સેવાકક્ષા, લશ્કરી હોદ્દા, વેપાર, ધંધા, ઉદ્યોગ અને વ્યવસાયીક વર્ગો, માલ મિલકતો ધારણ કરનાર તથા આવક અને સંપત્તિના માપદંડો છે, તે પૈકી કોઇપણ માપદંડોમાં ફેરફાર થાય અને ઉમેદવાર અનામતની જોગવાઇમાંથી બાકાત (Exclude) થતા હોય તો સબંધિત ઉમેદવાર અને/અથવા તેના માતા-પિતાએ સ્વયં શિસ્ત (Self Discipline) જાળવી ઉપરોક્ત પ્રમાણપત્રો કે જેની સમયમર્યાદા વધારવામાં આવી છે તેનો ઉપયોગ કરવાનો રહેશે નહીં. આવા

ઉમેદવારોનો બિન ઉન્નતવર્ગમાં (Non creamy layer)માં હોવાનો દાવો (Claim) આપોઆપ સમાપ્ત થશે. આમ છતાં, ઉમેદવાર/ વિદ્યાર્થી/પિતા/વાલી જાણી જોઇને ઇરાદાપૂર્વક આવી બાબતો છુપાવશે અને બિન ઉન્નતવર્ગના(Non creamy layer) પ્રમાણપત્રનો દૂર ઉપયોગ કરશે તો તેને મળેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર ઠરશે અને તેઓ કાયદેસરની કાર્યવાહી (Legal Procedure)ને પાત્ર બનશે.

(૫) જે ઉમેદવારોના બિન ઉન્નતવર્ગના (Non creamy layer) પ્રમાણપત્રો હાલ કોઇપણ પ્રકારની કાયદાકીય કાર્યવાહી હેઠળ હોય તથા અગાઉ જે બિન ઉન્નતવર્ગના (Non creamy layer) પ્રમાણપત્રો અમાન્ય (Invalid) ઠરેલ હોય તેવા કિસ્સામાં આ ઠરાવની જોગવાઇઓ લાગુ પડશે નહીં.

(૬) આ ઠરાવની જોગવાઇ રાજ્ય સરકારના અનામતના હેતુ માટે રાજ્ય સરકારના ક્ષેત્રાધિકાર પૂરતા જ બિન ઉન્નતવર્ગ (Non creamy layer)ના પ્રમાણપત્રો માટે લાગુ પાડવાની રહેશે. આ ઠરાવથી અસ્થાયી ધોરણે અખત્યાર કરવામાં આવેલ આ નીતિ ભારત સરકારના અનામતના હેતુ માટેના અન્ય પછાત વર્ગોના પ્રમાણપત્રો (OBC Certificate) ને લાગુ પડશે નહીં. તે માટે ભારત સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓ અને નીતિઓ જ આખરી ગણાશે.

(૭) અત્રે એ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ ઠરાવની જોગવાઇ હાલની મહામારી (Pandemic) ના પગલે કામચલાઉ ધોરણે અખત્યાર કરવામાં આવેલ છે. તેને સ્થાયી ગણી ભવિષ્યમાં તેને ઉદાહરણ સ્વરૂપે લઇ અન્ય કિસ્સાઓમાં તે અંગે કોઇ દાવો કે વિવાદ ઉપસ્થિત કરી શકાશે નહીં.

(૮) બિન ઉન્નતવર્ગ (Non creamy layer)નું પ્રમાણપત્ર આપવા માટેની રાજ્ય સરકાર તથા ભારત સરકારની અન્ય સ્થાયી સૂચનાઓ/આદેશો યથાવત રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(મનોજ અગ્રવાલ)
અગ્ર સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ.

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.*
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી(વિકસતી જાતી)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવ શ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.

- અગ્ર સચિવ શ્રી, પંચાયત વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- સચિવાલયના તમામ વિભાગ, આપના વિભાગ હેઠળની ભરતી/પ્રવેશ સંસ્થાઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા મંડળ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.*
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨જો માળ, સચિવાલય, ગાંધીનગર.*
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ

--------

- પત્ર દ્વારા .

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:
સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ નું પરિશિષ્ટ

બાંહેધરીપત્રક (સાદા કાગળ ઉપર) :-

## <u>બાંહેધરી</u>

આથી હું નીચે સહી કરનાર શ્રી/શ્રીમતી/કુ ................................................, ઉ.વર્ષ ..... આશરે, જાતિ ................, ધંધો ........................ સરનામું ........................................... આથી જાહેર કરૂં છુ કે ................ દ્વારા (નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર સત્તાધિકારી) આપવામાં આવેલ નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર ક્રમાંક: ......................... તા...................... ધરાવું છું. જેની મુદ્દત તા.......................... ના રોજ પૂર્ણ થયેલ છે. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તા.૧૨/૦૬/૨૦૨૦ થી આ પ્રમાણપત્રની મુદ્દત તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે. તે મારી જાણમાં છે. હાલ જે નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર ધરાવું છું તેની મુદ્દત પૂર્ણ થયેલ છે ત્યારબાદથી પ્રમાણપત્ર રજૂ કર્યા સુધીમાં નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર ધરાવનારના માતા-પિતા ના બિન ઉન્નતવર્ગના દરજ્જા અંગે સરકારશ્રીએ નિર્ધારીત કરેલ માપદંડો જેવા કે (i) સંવૈધાનિક હોદ્દાઓ (ii) સેવાકક્ષા (iii) લશ્કરી હોદ્દા (iv) વ્યવસાયીક વર્ગ તથા ઉદ્યોગ, ધંધા, વ્યાપાર (v) મિલ્કતો ધારણ કરનાર તથા (vi) આવક અને સંપત્તિ એમ કુલ છ માપદંડો પૈકી કોઇપણ માપદંડમાં કોઇ એવા ફેરફાર થયેલ નથી કે જેના કારણે નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર મેળવવા માટેની પાત્રતામાં બાધ આવતો હોય. જેથી હું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સરકારશ્રી દ્વારા નિર્ધારીત થયેલ અનામતના લાભો માટે પાત્ર ઠરું છું તેની સ્વયં પ્રમાણિક કબુલાત કરું છું.

આથી હું બાહેધરી આપું છું કે ઉપર મુજબની વિગત સત્ય છે. આ વિગતોની ભવિષ્યમાં ગમે ત્યારે અધિકૃત અધિકારી દ્વારા ચકાસણી કરતાં તે વિગત ખોટી માલુમ પડશે અથવા અનામતના લાભ મેળવ્યા પહેલાં કે પછી પણ ખોટી માલુમ પડશે તો તે સંજોગોમાં મારી ઉમેદવારી/ પ્રવેશ/ નિમણૂક રદ્દ થવા પાત્ર છે અને તે સમયે પ્રવર્તમાન કાયદા અને અથવા નિયમો હેઠળ મારી વિરૂધ્ધ પગલાં લઇ શકાય તેની મને જાણ છે અને તે હું સમજુ છું અને તે મને બંધનકર્તા છે.

તારીખ : (અરજદારની સહી)

સ્થળ : (અરજદારના માતા અથવા પિતા અથવા વાલીની સહી)